**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : વિરલ રાણા**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 01-08-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## રાજ્ય આરોગ્ય વિભાગ-ચાંદીપુરા કેસ

રાજ્યમાં જૂનથી 31 જુલાઈ, 2024 સુધીમાં 51 કેસોમાં ચાંદીપુરા વાઇરસની પુષ્ટિ થઈ છે. રાજ્યના આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, 15થી ઓછી વયના બાળકોમાં એક્યુટ એન્સેફાલિટિસ સિન્ડ્રોમના કેસ નોંધાયા છે, જેમાં રાજ્યના 24 જેટલા જિલ્લાઓમાં 140, મધ્યપ્રદેશના 4, રાજસ્થાનના 3 અને મહારાષ્ટ્રમાં એક કેસ નોંધાયો છે. રાજ્યમાં કુલ 59 દર્દીઓના મોત થયા છે.

**RNU અમદાવાદ**

---

## કૃષિમંત્રી રાઘવજી પટેલ-ખરીફ પાક વાવેતર

કૃષિ મંત્રી રાઘવજી પટેલે રાજ્યમાં વાવેતરની વિગતો આપતા જણાવ્યું છે કે, રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતા ખેડૂતોએ આશરે 70 લાખ હેક્ટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર છે. જેમાં સૌથી વધુ 23

લાખ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર કરાયું છે. ઉપરાંત કુલ ૨૨.૯૦ લાખ હેક્ટર જમીનમાં તેલીબીયા પાકોનું વાવેતર કરાયું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૦ ટકાથી વધુ નોંધાયો છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે મોટા પાયે ખરીફ પાકનું વાવેતર કરાયું છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## સ્તનપાન સપ્તાહ પ્રારંભ

આજે પહેલી ઓગસ્ટથી સાત ઓગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે રાજ્યના મહિલા અને બાળ કલ્યાણમંત્રી ભાનુબહેન બાબરિયાએ ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે રાજ્યવ્યાપી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે જ રાજ્યભરના હૉસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રોમાં ઉચ્ચ અધિકારીઓની આગેવાનીમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા ગાયનેક વૉર્ડની મુલાકાત લઈ મહિલા દર્દીઓને સ્તનપાનના ફાયદા વિશે સંવાદ કરી કિટ વિતરણ કર્યું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## નારીવંદન સપ્તાહ

રાજ્યભરમાં આજથી આઠમી ઓગસ્ટ સુધી નારી વંદન સપ્તાહની ઉજવણી કરાશે આ સપ્તાહ દરમિયાન .તમામ જિલ્લાઓમાં સ્વરોજગાર મેળા, મહિલા સન્માન સમારોહ કાયદાકીય જાગૃતિ જેવા ,વિવિધ સેમિનાર યોજાશે .જે અંતર્ગત ,મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો- બેટી પઢાવો, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ અને મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે .

દરમિયાન કચ્છમાં નરી વંદના ઉત્સાહ સપ્તાહના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેક્ટર દ્વારા બેઠક બોલાવાઇ હતી. આ બેઠકમાં નારી વંદન ઉત્સવના આગામી આયોજન અંગે વિગતવાર સમીક્ષા કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અપાયું હતું. આ ઉજવણીમાં જિલ્લાની વધુમાં વધુ મહિલાઓ અને કિશોરીઓ સહભાગી બને તેવા પ્રયાસો કરવા જણાવ્યું હતું.

**RNU અમદાવાદ/N.P.વિરલ રાણા**

---------------------------------------------------------------------

## ભુજ-રાખી મેળા મહોત્સવ

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે ભુજ શહેરમાં ભુજ હાટ ખાતે આજથી ૭ ઓગસ્ટ સુધી રાખી મેળા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભુજ હાટ ખાતે ૭ ઓગસ્ટ સુધી ચાલનારા

રાખી મેળા મહોત્સવમાં કચ્છની જાહેરજનતા બપોરના ૧૨ કલાકથી રાત્રિના ૧૦ કલાક સુધી રાખડી સહિત અવનવી હસ્તકળાની ચીજ વસ્તુઓની ખરીદી કરી શકશે. રાખી મેળા મહોત્સવમાં હાથ બનાવટની રાખડી સહિત ભાતીગળ હાથશાળ હસ્તકલાનું પ્રદર્શન સહ વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## કચ્છ જી.કે. જનરલ હોસ્પિટલ-મોકડ્રીલ

કચ્છની જી.કે.જનરલ હોસ્પિટલમાં આંતકવાદી હુમલા સમયે સુરક્ષા એજન્સીઓ, હોસ્પિટલ તથા જિલ્લા વહીવટીતંત્ર સાથે સુચારુ સંકલનથી સુરક્ષા - બચાવની કામગીરી માટે ચેતક કમાન્ડો ફોર્સ દ્વારા મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોકડ્રીલમાં જનરલ હોસ્પિટલમાં આંતકવાદી હુમલો કરવામાં આવતા ચેતક કમાન્ડો ફોર્સ અને સુરક્ષા એજન્સીઓએ તત્કાલ હોસ્પિટલને ઘેરીને સુરક્ષા ઓપરેશન અમલી કર્યું હતું. આ સયુંક્ત કામગીરીમાં ચેતક કમાન્ડો ફોર્સે તથા એસઓજીએ 4 આંતકવાદીને ઠાર કર્યા હતા અને 5 બંધકોને સહીસલામત બચાવી હુમલાને નાકામ કર્યો હતો.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------

# પ્રાકૃતિક ખેતી-અંજાર-ખંભરા- કિશોરભાઇ

અંજાર તાલુકાના ખંભરાના કિશોરભાઇ પરમાર પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી મોટા પાયે સરગવાની ખેતી કરીને ખેડૂતો માટે પ્રેરણાનો સ્ત્રોત બન્યા છે. દેશી ગાયો સાથે પ્રાકૃતિક ખેતી કરતા કિશોરભાઇ પરમાર વર્ષ ૨૦૧૭થી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

પ્રાકૃતિક ખેતી કરતા કિશોરભાઇ જણાવે છે કે, આત્મા યોજના સાથે જોડાયેલ છું અને રાજય અને રાજય બહાર યોજાતી વિવિધ તાલીમ મેળવીને પ્રાકૃતિક કૃષિ અપનાવતા દવા કે ખાતર ખરીદવા ખર્ચ કરવો પડતો ન હોવાથી નફો વધુ થાય છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------